અપીલ અરજી નં.૨૧૩ તા.૯–૮ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી હેમંત એન દેસાઈ
સામાવાળાઃ– ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (ફાયર વિભાગ)
ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન દેસાઈની તા.૧૪–૬–૧૧ની અરજીથી સુમ.ન.પા.ના સેન્ટ્રલઝોનના ૧ થી ૧૨ વોર્ડમાં ચાલતા જરીગીલીટ તેમજ ચાંદીગીલીટના જે એકમો ચાલે છે તે એકમોવાળા કારખાનાના માલિકો જ્વલનશીલ પદાર્થોના વપરાશ/સંગ્રહ અંગે ૧ થી૧૨ વોર્ડના આરોગ્ય વિભાગ પાસે પરવાના માંગે અથવા અગાઉ આપેલા પરવાના રીન્યુ કરે તે તે પહેલાં ૧ થી ૧૨ વોર્ડના આરોગ્ય વિભાગે સુ.મ.ન.પા. ના ફાયર વિભાગ પાસે અભિપ્રાય મેળવ્યા વગર જ્વલનશીલ પદાર્થોના પરવાના નવા તેમજ અગાઉ આપેલા પરવાના રીન્યુ કરી શકે રેકોર્ડ મેન્યુઅલ આધારિત માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૯–૮–૧૧ ની **SMC/FAP/** નં.૨૧૩/૨૦૧૧–૧૨

શ્રી હેમંત એન દેસાઈની તા.૧૪–૬–૧૧ની અરજીથી સુમ.ન.પા.ના સેન્ટ્રલઝોનના ૧ થી ૧૨ વોર્ડમાં ચાલતા જરીગીલીટ તેમજ ચાંદીગીલીટના જે એકમો ચાલે છે તે એકમોવાળા કારખાનાના માલિકો જ્વલનશીલ પદાર્થોના વપરાશ/સંગ્રહ અંગે ૧ થી૧૨ વોર્ડના આરોગ્ય વિભાગ પાસે પરવાના માંગે અથવા અગાઉ આપેલા પરવાના રીન્યુ કરે તે તે પહેલાં ૧ થી ૧૨ વોર્ડના આરોગ્ય વિભાગે સુ.મ.ન.પા. ના ફાયર વિભાગ પાસે અભિપ્રાય મેળવ્યા વગર જ્વલનશીલ પદાર્થોના પરવાના નવા તેમજ અગાઉ આપેલા પરવાના રીન્યુ કરી શકે રેકોર્ડ મેન્યુઅલ આધારિત માહિતી આપવા બાબતે ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. એફ.ઈ.એસ./આઉટવર્ડ/નં.૭૮૬ તા.૫–૭–૧૧ તેમજ ઈ.ચા.ડે.કમિ.(હે અને હો)અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.જાવકનં.પીએચડી/ આઅ/ પીઆઈ/૧૧૯ તા. ૧૩–૭–૧૧થી ખોટી તેમજ ગેરમાર્ગે દોરાવનાર માહિતી આપવામાં આવી હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૯– ૮ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૫૫ તા.૧૭–૮–૧૧ થી ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (ફાયર વિભાગ), ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને અપીલ અરજીમાં બન્ને જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી અપાયાનું અરજદારે રજૂ કરેલ નકલો પરથી જણાય છે તેમ છતાં તેની સામે અપીલમાનાં દાવાનુસાર તેમની ધારણા અનુમાન આધારિત રજુઆત સામે ખોટી અને ગેરકાયદેસર માહિતીના આધાર હોય તો તે રજુ કરવા જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ફાયર તરફથી પત્ર નં.એફઈએસ/આ.નં.૩૦૧૨ તા.૨૪–૮–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૩૮૩ તા.૧૫–૬–૧૧ થી આરોગ્ય અધિકારી તેમજ ચીફ ફાયર ઓફિસરને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.એફઈએસ/આ.નં.૭૮૬ તા.૫–૭–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી પત્ર નં.પીએચડી/આ.અ./પીઆઈ/૧૬૯ તા.૨૪–૮–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, તબદીલ અરજીની નકલ અને અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.જાવક/પીએચડી/આ.અ/પીઆઈ/૧૧૯ તા.૧૩–૭–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૩–૮–૧૧ નો પૂરક પત્ર મળેલ છે.

અરજદારની તા.૧૪–૬–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/જાવક/૩૮૩ તા.૧૫–૬–૧૧ થી નિયત સમય અવધિમાં આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ચીફ ફાયર ઓફિસર ફાયર વિભાગને અરજી તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને ઈ.ચા. ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.એફઈએસ/આ.નં.૭૮૬ તા.૫–૭–૧૧ થી નિયત સમય અવધિમાં "જરી ગીલીટ તેમજ ચાંદી ગીલીટના જે એકમો ચાલે છે તે એકમોવાળા કારખાનાના માલિકો જ્વલનશીલ પદાર્થોના વપરાશ/સંગ્રહ અંગે જે તે સ્થળની તપાસ બાદ આ આગ અકસ્માતના સમયે પ્રાથમિક ફાયર ફાયટીંગના સાધનો રાખવા ફકત અભિપ્રાય ફાયર ખાતા તરફથી આપવામાં આવે છે. " તેવું જણાવેલ છે. જયારે આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જાવક/ પીએચડી/ આ.અ./પીઆઈ/૧૧૯ તા.૧૩–૭–૧૧ થી નિયત સમય અવધિમાં અરજદારને " જ્વલનશીલ પદાર્થોના વપરાશ/સંગ્રહ અંગે નવા પરવાના આરોગ્ય વિભાગ પાસેથી માંગવામાં આવે ત્યારે અરજદારે ફાયર બ્રીગેડ વિભાગના અભિપ્રાય મુજબના તમામ સાધનો રાખવાના હોય છે તથા તેમના સૂચવ્યા મુજબની વ્યવસ્થા કરવાની હોય છે. અને તે મુજબ અગાઉ આપેલા પરવાના રીન્યુ કરી શકે છે." તેવું જણાવેલ છે.

આમ અરજદારને બંને જાહેર માહિતી અધિકારીઓ તરફથી આપવામાં આવેલી માહિતી સંદર્ભે માહિતી ખોટી અને ગેરમાર્ગે દોરનાર હોવાનું જણાવી અરજદારે તા.૯–૮–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે.

જેમાં અરજદારે ફાયર ખાતાની આપેલી માહિતીમાં આગ અકસ્માત ન થાય તે માટે ફાયર ફાઈટીંગના સાધનો રાખવાનો અભિપ્રાય આપેલ છે નહીં કે જવલનશીલ પદાર્થનો વપરાશ કરવાનો પરવાનો આપવામાં આવે છે. ખરેખર ફાયર ફાઈટીંગના સાધનો રાખવાથી જવલનશીલ પદાર્થોનો પરવાનો મળી શકે તેવું ચીફ ફાયર ઓફિસર ચોખ્ખો ખુલાસો કરતાં નથી અને માહિતીમાં ચોખવટ પણ બરાબર કરેલ નથી. તેવી રજૂઆત અપીલ અરજીમાં કરેલ છે. તેમજ અપીલ તબકકે પાઠવેલ પૂરક પ્રશ્નમાં પણ ફાયર વિભાગે ફકત આગ અકસ્માતના સાધનો રાખવાનો અભિપ્રાય આપે છે મતલબ કે જવલનશીલ પદાર્થના પરવાના રીન્યુ થઈ શકે નહીં તેવું નહીં થાય. તેવી રજૂઆત કરેલ છે.આમ અરજદારે અપીલ તથા અપીલમાંના દાવાનુસાર ધારણા અનુમાન આધારીત રજૂઆત સામે ખોટી અને ગેરકાયદેસર માહિતીના આધાર હોય તે રજૂ કરેલ નથી.

જયારે અરજદારે અપીલમાં જાહેર માહિતી અધિકારી આરોગ્ય બાબતે અપીલમાં જે માહિતી આપવામાં આવેલ છે તેમાં ફાયર વિભાગના અભિપ્રાય મુજબ આરોગ્ય વિભાગ પરવાના આપી શકે પરંતુ ફાયર વિભાગ ફકત ફાયર ફાઈટીંગના સાધન રાખવાનો જ અભિપ્રાય આપે છે એનો મતલબ એટલો થાય કે આગ અકસ્માત ન થાય તેવો થાય તેના લઈને આરોગ્ય વિભાગ પરવાના ન આપી શકે તેવું થાય.તેવી રજૂઆત કરેલ છે. તેમજ અપીલ તબકકે પાઠવેલ પત્ર સંદર્ભે પૂરક વિગતોમાં અરજદારે આરોગ્ય વિભાગે જવલનશીલ પદાર્થોના પરવાના નવા તેમજ રીન્યુ કરવામાં આવેલ નથી જેના પરથી સાબિત થાય છે કે ફાયર વિભાગનો અભિપ્રાય ફકત સાધનો રાખવાનો આપે છે આગ અકસ્માત માટે જેનાથી પરવાનગી રીન્યુ ન થઈ શકે તે સાબિત થાય છે. એટલે જ આરોગ્ય વિભાગે પરવાના નવા ફાળવેલ નથી તેમજ રીન્યુ પણ કરેલ નથી. તેવી રજૂઆત કરેલ છે. આમ અરજદારે અનુમાન આધારીત રજૂઆત કરેલ છે. વધુમાં જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી આપેલ પૂરક વિગતોમાં પણ અરજદારને આરોગ્ય વિભાગ તરફથી જે જવાબ આપવામાં આવેલ છે તે નિયમ મુજબનો જ છે તેવું જણાવેલ છે. વધુમાં અરજદારે અપીલ અરજીથી જે શંકા વ્યકત કરેલ છે તે સંદર્ભે કોઈ વિશિષ્ટ જવાબ આપવા પાત્ર થતો નથી. વધુમાં અરજદારે રીન્યુઅલ બાબતે પૂરક વિગતોમાં પરવાના નવા ફાળવેલ નથી કે રીન્યુઅલ પણ કરેલ નથી જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી જવલનશીલ પદાર્થોના વપરાશ/સંગ્રહ અંગે નવા પરવાના આરોગ્ય વિભાગ પાસે માંગવામાં આવે ત્યારે અરજદારે ફાયર બ્રિગેડના અભિપ્રાય મુજબના તમામ સાધનો રાખવાના હોય છે તથા તેમના સૂચવ્યા મુજબની વ્યવસ્થા કરવાની હોય છે અને તે મુજબ અગાઉ આપેલા પરવાના રીન્યુ કરી શકે છે તેવું જણાવેલ છે. આમ જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવા પાત્ર રહેતી નથી.

## હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૪–૬–૧૧ ની અરજીથી માંગેલ માહિતી બંને જાહેર માહિતી અધિકારીઓ તરફથી પૂરી પડયોલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૧

પ્રતિ,

(૧) ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (ફાયર વિભાગ), ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી....જાણ તથા અમલ માટે.

(૨) શ્રી હેમંત એન દેસાઈ,